# વાવોલ જલદર્શન ફલેટમાં રાત્રીના સમયે કોઈએ ૧૦ વાહનો સળગાવ્યા

ગાંધીનગર, તા.૨૬



ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામના જલદર્શન એપાર્ટમેન્ટમાં અજાણ્યા શખ્સે ગતરાત્રીના એક વાગ્યાના અરસામાં ૧૩ જેટલા વાહનો સળગાવી દેતા હાહાકાર મચી જવા પામ્યો છે. એપાર્ટમેન્ટના પાર્કીંગમાં રાત્રીના સમયે લાગેલી આગને પગલે ફલેટના રહીશોમાં દોડધામ મચી જવા પામી છે. બનાવ અંગે ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પાર્કીંગમાં ઉભેલા વાહનોમાં લાગેલી આગ ઘરો સુધી પહોંચે તેમ હતી. આગ કાબુમાં આવી જતા નાગરીકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટના અંગે ફરીયાદ કરનાર યુવતિએ આગ પાછળ પોતાના પતિનો હાથ હોવાનો દાવો કર્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વાવોલના જલદર્શન એપાર્ટમેન્ટમાં મંગળવારના રોજ રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં અજાણ્યા શખ્સે વાહનો સળગાવતા દોડધામ મચી ગઈ હતી. વસાહતીઓમાં હાહાકાર મચી ગઈ હતી, રાત્રીના સુઈ રહેલા સ્થાનિક નાગરીકો આગની ઘટનાને લઈ સફાળા જાગી ગયા હતા અને આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. બનાવની જાણ ફાયર તંત્રને થતા તાત્કાલીક બનાવ સ્થળે પહોચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. બનાવ અંગે જાણ કરાતા એફએસએલના અધિકારી જી.પી.દરબારે પણ પહોંચી તપાસ કરી હતી. પોતાના વાહનો બળીને ખાક થઈ જતા રોષે ભરાયેલા ફલેટના નાગરીકો રાત્રીના સમયે જ સેકટર-૭ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી ગયા હતા.જયારે ઘટના અંગે એપાર્ટમેન્ટના એ-૨૬ ખાતે રહેતી યુવતિ મનાલી કશ્યપભાઈ દવે (૨૩ વર્ષ) એ આગ પાછળ પોતાના પતિનો જ હાથ હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરીયાદ નોંધાવી છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફરીયાદ કરનાર યુવતિને પોતાના પતિ મનિષકુમાર રમેશચંદ્ર ત્રિવેદી ( રહે. મકાન નં. સી-૩૦૩, સિધ્ધાર્થ સ્ટેટસ) સાથે છુટાછેડાનો કેસ ચાલી રહ્યો છે. તા.૨૫ જુનના રોજ સવારે



ગાંધીનગર કોર્ટમાં મુદત પુરી કરીને યુવતિ અને તેના માતા નિકળતા હતા ત્યારે મનિષે કહ્યું હતું કે હવે જોઈ લો આજે રાત્રે શું થાય છે.અને તમે કેવા ફલેટમાં રહો છો. તે હવે હુ જોવું છું. યુવતિનો આક્ષેપ છે કે પતિ મનિષે છ માસ પહેલા યુવતિનું મોપેડ તેમજ અન્ય વાહનો સળગાવી દીધા હતા.

## ફલેટમાં રહેતી યુવતિએ આગ પાછળ પોતાના પતિનો હાથ હોવાનો આક્ષેપ સાથે ફરીયાદ

# સેકટર-૫માંથી લારી ગલ્લાના દબાણ દુર કરાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં દબાણ ઝુંબેશ ફરીવાર શરુ થઈ છે. સેકટર-૫ સીએનજી પંપ આસપાસના લારી-ગલ્લા તંત્ર દ્વારા દુર કરવામાં આવ્યા છે. શહેરના ગ-૨ અને મુખ્ય માર્ગો પર ગઈકાલે રાત્રીના સમયે દબાણ ટીમ અચાનક ત્રાટકતા વેપારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી. જયારે તંત્રએ ૧૦ થી વધુ અડચણરુપ લારી-ગલ્લા જપ્ત કર્યા છે. ત્યારે આગામી દિવસોમાં પણ દબાણ ઝુંબેશ કાર્યરત રહેશે.

શહેરને દબાણે અજગરી ભરડો લીધો છે, શહેરના મુખ્ય માર્ગો અને સેકટરના આંતરીક માર્ગો પર લારી-ગલ્લા સહિત ઝુંપડાના દબાણ ઉભા થઈ ગયા છે. શહેરની મુખ્ય સમસ્યામાં દબાણનો પ્રશ્ન પણ પહેલો છે. ત્યારે દબાણ ધારકો ગમે ત્યારે ગમે તે સ્થળે દબાણ ઉભા કરતા હોય છે. ત્યારે શહેરમાં રાત્રી બજાર પણ ધમધમતા થયા છે. નગરના કેટલાક ઠેકાણે રાત્રીના સમયે ચા-નાસ્તાની લારીઓ પણ નાગરીકોની ભીડ જામે છે.

ત્યારે શહેરમાં રાત્રી દબાણ પણ વધતા નાગરીકોની હાલત કફોડી બની જાય છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમે અચાનક ગઈકાલે રાત્રીના સમયે સપાટો બોલાવ્યો હતો. જેમાં સીએનજી પંપ પાસે ઉભી રહેતી ઈંડા અને નોનવેજની લારીઓ ઝપટે ચડી ગઈ હતી.

તે ઉપરાંતગ-૨ સર્કલ આસપાસ ઉભી રહેતી ચા-નાસ્તાની લારીઓ પર દબાણની ટીમ ત્રાટકતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. શહેરમાં અચાનક મનપાની ટીમ રાત્રીના સમયે ત્રાટકતા વેપારીઓ પણ અચરજ પામી ગયા હતા. ત્યારે મનપાની દબાણ ટીમ કાર્યરત થતા વેપારીઓમાં ભય ફેલાયો છે.

## સેકટર-૪/એમાં આખલાઓનો ત્રાસ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી નહીં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતે સેકટર-૪/એ, ઓમકારેશ્વર મંદિરની આજુબાજુમાં દરરોજ બે



આખલાઓ દ્વારા વસાહતીઓને ખૂબ જ હેરાનગતિ કરવામાં આવી રહી છે. આ બંન્ને આખલાઓ લડતાં-લડતાં રાહદારીઓને પણ પોતાની લપેટમાં લઈ લેતા હોય છે. આ આખલાઓની લડાઈમાં એક વસાહતીએ તો પોતાનો જાન પણ ગુમાવ્યો છે આ ઉપરાંત વસાહતીઓ દ્વારા પોતાના ઘર આગળ પાર્ક કરવામાં આવેલ ગાડીઓને પણ આ આખલાઓ દ્વારા લડતાં લડતાં નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે.

આ અંગે વસાહતીઓ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં રજૂઆતો કરવા છતાં આ આખલાઓને પકડીને પુરી દેવાની કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલમાં તા. ૨૫-૬-૨૦૧૯ના રોજ આ આખલાઓએ લડતાં લડતાં ઘણા વસાહતીઓની ગાડીઓને નુકશાન કરવામાં આવેલ છે.

આ આખલાઓને પકડીને પુરી દેવામાં આવે અને વસાહતીઓને થતાં નુકશાન અટકે તે અંગે વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## સિસિકાની માસિક બેઠકમાં સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૬

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરની જુન-૧૯ની માસિક બેઠક તા. ૩૦મી જુનને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી સેકટર-૭માં રાખવામાં આવેલ હતી. જેમાં સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. માસિક બેઠક સાંજે ૫.૩૦ વાગ્યે મળવાની હતી. તેના બદલે બપોરે ૪.૩૦ વાગે ઉપરોક્ત સ્થળે રાખવામાં આવેલ છે, તો સિસિકાના સભ્યોએ સમયસર હાજર રહેવા મંત્રી ભૂપેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




યોગ કરવા હુ અને વાઈફ બંને ગયા હતા, તેમાં એક ફાયદો થયો કે મારી વાઈફને પગ દુખતા બંધ થઈ ગયા પણ, મારા દુખવાના ચાલુ થયા...




## ચિલોડા સર્કલ પાસે પીકઅપ ડાલુ ખાડમાં ફસાયું

ચિલોડા સર્કલ - ચિલોડા - હિંમતનગર અને હિંમતનગર - અમદાવાદા હાઈવે-૮ સીક્સલેન અને ઓવરબ્રીજનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ચિલોડા ઓવરબ્રિજનું એક છેડાથી ચિલોડાથી હિંમતનગરના જોડાણ માટે રસ્તાનું કામ ચાલી રહ્યું છે. નવીન રોડ માટે પુલને જોડતા છેડાને બંને બાજુ જરૂર પ્રમાણે માટીનું પુરાણ સાથે સુરક્ષિત દિવાલ બનાવવામાં આવી પરંતુ દિવાલ અને અવરજવર માટેનો હિંમતનગર - ચિલોડાના માર્ગ પર અસંખ્ય વાહનોની હેરાફેરી થઈ રહી છે ત્યારે દિવાલની બાજુમાં વરસાદી પાણી અને ખાડાને કારણે અનેક વાહનો સાઈડમાંથી પસાર થતાં ફસાઈ જવાના બનાવો બની રહ્યા છે. અકસ્માત થવાનો સંભવ રહેલો છે. ત્યારે આજે હિંમતનગરથી ચિલોડા થઈને પસાર થતું અમુલ દૂધનું પીક-અપ ડાલુ દિવાલની બાજુમાં ખાડામાં ફસાઈ જતાં ભારે મુશ્કેલીમાં મુકાયું હતું. આમ દિવાલની બાજુમાં ખાડાઓનું સત્વરે પુરાણ થાય તેવી વાહનચાલકોની માંગ ખૂબ પ્રબળ બની છે.

## બીએસએનએલ દ્વારા કન્ઝ્યુમર એજ્યુકેશન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા તા. ૯ જુલાઈના રોજ ઓપનહાઉસ તથા કન્ઝ્યુમર એજ્યુકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે સવારે ૧૧.૩૦ વાગ્યે સે. ૧૧ સ્થિત ટેલિફોન એક્સચેંજના સભાખંડ ખાતે યોજાનાર છે. આ સંદર્ભે ગાંધીનગર શહેર અને ગ્રામીણ વિસ્તારના નાગરિકોને કોઈ લેન્ડલાઈનની સમસ્યા કે બિલની સમસ્યા હોય તો આ અંગે અરજી તા. ૧ જુલાઈ સુધીમાં સબ ડિવિઝનલ એન્જીનિયરને ટેલિફોન એક્સચેંજ ભવન, સે. ૧૧, ૩૮૨૦૧૧ ખાતે મોકલવા બી.એસ.એન.એલ.ના મેનેજર દ્વારા જણાવાયુ છે.

# વૃક્ષોની કટોતી અટકાવવા પર્યાવરણ પ્રેમીઓએ રાજયપાલશ્રીને રજુઆત કરી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાંથી પસાર થતા રાષ્ટ્ર ધોરીમાર્ગને છ માર્ગીય બનાવાની કામગીરીમાં હજારોની



સંખ્યમાં થતા વૃક્ષોના વિનાશને રોકવા માટે ચાલી રહેલ લોકઆંદોલનના ભાગરૂપે આઠ અગ્રણીઓના પ્રતિનિધિમંડળ દ્વારા રાજયપાલ ઓ પી કોહલીની મુલાકાત લઈ રોડ અપગ્રેડની કામગીરીને સ્થગિત કરી વધુ વૃક્ષોની કતલેઆમ થાય તે પહેલા પ્રોજેકટમાં જરૂરી ફેરફાર કરી નેશનલ હાઈવેને અમદાવાદ અને ગાંધીનગરની બહારથી પસાર થાય તેવી રજુઆત સાથેનુ આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ.

કેન્દ્રીય પરિવહન વિભાગ દ્વારા ગાંધીનગરમાંથી પસાર થતા ચિલોડ સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા પ્રોજેકટને પગલે હજારો વૃક્ષોનો ભોગ લેવાતા ગાંધીનગર અને અમદાવાદના પર્યાવરણ પ્રેમીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અગ્રણી અરૂણ બુચની રાહબરી હેઠળ હરિયાળુ ગાંધીનગર બચાવો અભિયાન શરૂ થયુ છે. જેના ભાગરૂપે લોકબેઠક કેન્દ્ર અને રાજય સરકારને પોસ્ટકાર્ડ લેખન, પ્લેકાર્ડ પ્રદર્શન અને માનવ સાંકળ જેવા સફળ કાર્યક્રમો ઉપરાંત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરી દાદ માંગવામાં આવી છે. જે સંદર્ભે કોર્ટ દ્વારા સરકારને નોટીસ પણ આપવામાં આવી છે. દરમિયાન અરૂણ બુચના રાહબરી હેઠળ એચ બી વરીયા , રવિન્દ્ર દવે , ડો ચેતના બુચ નીતીન પટેલ અમદાવાદના પર્યાવરણ વિદ મહેશ પરમાર જતીન શેઠ મીનળ શેઠનુ પ્રતિનિધિમંડળ રાજયપાલને મળ્યુ હતુ. આ દરમિયાન હરિયાળી ગુમાવવાથી ગાંધીનગરાઓને સ્કીન કેન્સર જેવા ગંભીર રોગોથી થનાર જોખમ ઉપરાંત પર્યાવરણને નુકશાન તથા નિર્દોષ પશુ પક્ષીઓના આવાસ ઝુંટવી ગ્લોબલ વોર્મિંગથી શહેરની સ્થિતિ ડામાડોળ થવા હોનાર સંદર્ભે વૈજ્ઞાનિક ઢબે સમજ આપી હતી. પ્રતિનિધિમંડળથી પ્રભાવિત રાજયપાલે હકારાત્મક પ્રતિભાવ આપી સરકાર સમક્ષ લાગણી પહોંચાડવા હૈયાધારણા આપી હતી.

# સાયન્સ સીટીમાં વિદ્યાર્થીઓ હાથમાં રાખી શકે તેવા ટેલિસ્કોપ બનાવ્યા

ગાંધીનગર, તા. ૨૬

સાયન્સ સીટીમાં ચાલી રહેલ સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૧૯ અંતર્ગત પ્રથમ વાર જ ટેલિસ્કોપ મેકીંગ વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ . મહીલા સાયન્ટીસ્ટ અને વિષય નિષ્ણાત ડો. મેઘા ભટ્ટ દ્વારા આ વર્કશોપ લેવામાં આવ્યો.

આ એક દિવસીય વર્કશોપમાં ડો. ભટ્ટે જણાવ્યુ કે



''આજે વિધાર્થીઓ હાથમાં રાખી શકાય તેવા એટલે કે ટોય ટેલિસ્કોપ વિશે શીખ્યા. મોટા ટેલિસ્કોપની જેમ આ ટેલિસ્કોપની રેન્જ મોટી નથી . પરંતુ તે ૩૦૦ ફુટ દુર સુધીના ઓબજેકટ જોઈ શકે છે. આ પરથી ટેલિસ્કોપ વિશે મુળ સમજ આવી અને જો વધુ સારા લેન્સ વાપરીએ તો દુર ના પણ ઓબજેકટ જોઈ શકાય.''

ટેલિસ્કોપના ઈતિહાસ થી શરુ કરતા ડો, મેઘા ભટ્ટે ગેલેલિયો ફાળા વિશે જ નહી પરંતુ આર્યભટ્ટ અને નિકોલસ કોપરનિકસના યોગદાન વિશે પણ જણાવ્યુ. તેમણે થિયરી અને એકટીવીટી દવારા ટેલિસ્કોપની સમજ આપી જેમાંથી ભાગ લેનાર વિધાર્થીઓ એ આપવામાં આવેલ કીટ ના આધારે ટોય ટેલિસ્કોપ બનાવ્યા. ડો. ભટ્ટે ખગોળશાસ્ત્રી અને અવકાશયાત્રી ના ભેદ વિશે પણ સમજણ આપી.

તેમણે વધુમાં ઉમેર્યુ કે ''આ વર્કશોપમાં ભાગ લેનાર વિધાર્થીઓએ તેમના શાળાના પુસ્તકોમાં અરીસા અને લેન્સ વિશે ભણ્યુ હશે. અમે તે ખ્યાલ ને પ્રેકટીકલી સમજાવ્યો અને તેમને વધુ વિસ્તૃત વિચારવા માટે પ્રોત્સાહીત કર્યા.'' સાયન્સ સીટી દ્વારા દર વર્ષે સમર સાયન્સ પ્રોગ્રામ અંતર્ગત વિવિધ વર્કશોપનુ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વિધાર્થીઓ એ રોબોટીક', પ્લાન્ટ ટીશ્યુ કલ્ચર અને કોમ્પ્યુટર ગેમ મેકીંગ ટુલ્સ વિશે પણ શીખ્યા. ૨૦૧૯ નો સમર સાયન્સ પ્રોગ્રામ ૩૦ જુને સમાપ્ત થશે.



## જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સેવાકીય પ્રવૃતિમાં ભુખ્યાને ભોજન

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તારીખ ૩૦/૦૬/૨૦૧૯ થી સતત છ માસ માટે દર રવિવારે ૪૦૦ થી પણ વધારે ગરીબોને શ્રી વર્ધમાન અનુકંપા કેન્દ્ર સેકટર-૨૨ દેરાસર ગાંધીનગર ખાતે ભોજન આપવાનો સંકલ્પ જાહેર કરેલ છે. સેવાકીય પ્રવૃતિનાં ઈતિહાસમાં ગાંધીનગરમાં સૌપ્રથમ વાર સતત છ માસ સુધી આવી એક સંસ્થા સેવાકીય પ્રવૃતિ કરે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ચાલુ વર્ષે જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ ની શરૂઆત થી જ એક થી એક ચડીયાતા સામાજીક સેવાનાં કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં નેત્ર નિદાન કેમ્પ, શ્રમિકોને રસ પુરીનું ભોજન, ગરીબ વેપારીને છત્રીનું વિતરણ, વિકલાંગોને ટ્રાયસીકલ, ગરીબ વિધાર્થીઓને નોટબુક તથા ચોપડીનું વિતરણ ખાસ બાળકો માટે અનાજ તથા ભોજનની વ્યવસ્થા આપી અનેક ઉત્કૃષ્ઠ સામાજીક પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આ માટે જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરનાં પ્રમુખશ્રી મધુસુદનભાઈ વોરા, મંત્રીશ્રી ભરતભાઈ કોટડીયા તથા પૂર્વ પ્રમુખો, કારોબારી સભ્યો તેમજ સંસ્થાનાં તમામ દંપતિ સભ્યોનું અનોખુ યોગદાન રહેલ છે.

# ધો. ૧૦ના બોર્ડની પરીક્ષાના હોલ્ડ પર રખાયેલા પરિણામો જાહેર કરવા એબીવીપીની માંગ

ગાંધીનગર, તા. ૨૬

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગાંધીનગર એકમ દ્વારા આજે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડને ચેરમેન એ.જે. શાહને માર્ચ-૨૦૧૯માં લેવાયેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં જૂનાગઢ જિલ્લાની કેટલીક શાળાઓમાં ચોરીની શંકાના આધારે તે શાળાઓના પરિણામો 'હોલ્ડ' પર રાખવામાં આવ્યાં છે તે અંગે ત્વરિત નિર્ણય લઈ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી પરિણામો જાહેર કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

એબીવીપી દ્વારા આવેદનપત્રમાં જણાવાયું છે કે શાળાના સીસીટીવી ફુટેજ કે સ્કવોર્ડ ટીમ દ્વારા આપવામાં આવેલ રિપોર્ટમાં ચોરી થયાનો ઉલ્લેખ નથી તેથી કયા કારણોસર આ વિદ્યાર્થીઓના પરિણામો 'હોલ્ડ' પર રખાયાં છે તે જણાવી કસૂરવારો સામે કડક કાર્યવાહી કરી પરિણામો સત્વરે જાહેર કરવામાં આવે.




## ટુંકી જાહેર નિવિદા નં. ૧ / ૨૦૧૯-૨૦

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.-૨, વિજ સબસ્ટેશન વિધાનસભા નવા સચિવાલય, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૧૫૯૪૬૯-૭૦) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના લગતા ૧ (એક) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ ૪૭૧૩૨.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો, અવા કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર વેચાણથી આપવાની છેલ્લી તારીખ ૨૯/૬/૨૦૧૯ (સમય ૧૬ કલાક સુધી છે) ભરેલ ટેન્ડર રજીસ્ટર પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૩/૭/૨૦૧૯ સાંજે ૧૬.૦૦ કલાક સુધી. શક્ય હશે તો ટેન્ડરો વિદ્યુત ઠેકેદારશ્રીની હાજરીમાં ૧૬.૧૦ કલાકે ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કામકાજના દિવસની ગણતરીમાં લેવામાં આવશે.

માહિતી/૪૮૦/૧૯-૨૦